# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારશ્રીએ શરૂ કરેલ ઓનલાઈન સર્ટિફિકેટ ઓફ ઓરીજીનના પોર્ટલમાં નિકાસકારોને પડતી મુશ્કેલીના નિવારણ માટે ડીજીએફટી ન્યુ દિલ્હી સમક્ષા રજુઆત કરવામાં આવેલ...

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિઝીટલ ઈન્ડિયાના સ્વપ્નને આગળ ધપાવતા સરકારશ્રીએ નિકાસકારોને ઓનલાઈન સર્ટિફિકેટ ઓફ ઓરીજીન મળી શકે તે માટે કોમન ડિઝીટલ પ્લેટફોર્મ શરૂ કરવામાં આવેલ છે. જેને તા.૧-૧૧-૨૦૨૧ થી અમલમાં મુકેલ છે. આ નિર્ણયને રાજકોટ ચેમ્બર આવકારે છે. જે અંતર્ગત સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા મંજુરી મેળવી નિકાસકારોને સર્ટિફિકેટ ઓફ ઓરીજીન આપવાનું શરૂ કરવામાં આવેલ છે. નિકાસકારોએ ઓનલાઈન સર્ટિફિકેટ ઓફ ઓરીજીન મેળવવા માટે રાજકોટ ચેમ્બરની વેબસાઈટ www.rajkotchamber.com ના હોમ પેઈજ પર જઈ આપેલ લીન્ક https://coo.dgft.gov.in પર કલીક કરી ઓક્ષપોર્ટર લોગઈન કરી મેળવી શકશે.

સરકારશ્રી દ્વારા શરૂ કરાયેલ ઓનલાઈન સર્ટિફિકેટ ઓફ ઓરીજીનના પોર્ટલમાં નિકાસકારોને હજુ મુશ્કેલી પડી રહી છે. આ પોર્ટલમાં નિકાસકારને ઓનલાઈન સર્ટિફિકેટ ઈશ્યું થાય છે પરંતુ તેની સાથે તેઓના ઈન્વોઈસ અને પેકીંગ લિસ્ટ અટેસ્ટેડ થતા નથી. તેના માટે નિકાસકારોને ફરજીયાત ચેમ્બર ઓફિસે આવવું પડે છે. જેથી સંપુર્ણ ઓનલાઈનનો હેતું સફળ થતો નથી. તેથી આ પોર્ટલમાં સર્ટિફિકેટની સાથે ઈન્વોઈસ અને પેકીંગ લીસ્ટ પણ અટેસ્ટેડ થાય તેવી વ્યવસ્થા તાત્કાલીક શરૂ કરવી. જેથી કરીને નિકાસકારોને ઓફિસે આવવું ન પડે, સમય બચે અને ઓનલાઈનનો હેતું સફળ બને. વધુમાં જે નિકાસકારો સર્ટિફિકેટ ઓફ ઓરીજીન ઓનલાઈન મેળવવાની પ્રક્રિયા નથી કરી શકતા તો ચેમ્બર ઓફિસમાંથી મેન્યુલી ઈશ્યું થતા સર્ટિફિકેટને માન્ય રાખવા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ન્યુ દિલ્હીના - ડારેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ શ્રી અમિત યાદવ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.